OBH-1

2016

GUJARATI

Seat No. 2535

Time : 3 Hours] [Total Marks : 100

૧. નીચેના પરિચ્છેદનું ૧/૩ ભાગમાં સારલેખન કરો અને તેને યોગ્ય શીર્ષક આપો : 10

ગાંધીજીએ આફ્રિકામાં જે અપમાન અનુભવ્યું તેનો સાત્ત્વિક રીતે સામનો કરવાની રીતની શોધમાંથી સત્યાગ્રહના આંદોલનનો જન્મ થયો છે. તેમાં અપમાન કરનારનું, ખરાબ શાસન કરનાર શાસકોનું અથવા રાજ્યકર્તાઓનું, શોષણખોરોનું વગેરેનું કોઈ રીતે બૂરું થાય તેવા પ્રયત્નો કરવાનો નહીં પરંતુ તેમનામાં સદ્‌બુદ્ધિ જન્મે, તેમને તેમનાં ખરાબ કામો અને અવિચારનું ભાન થાય તેવા પ્રયત્નો કરવાનો સ્પષ્ટ ઉદ્દેશ છે. આ કારણે સત્યાગ્રહ કરનાર કોઈ પણ જાતની હિંસા નહીં થવા પામે એ વિશે ખબરદાર હોવો જોઈએ. જ્યારે પ્રજાને સત્યાગ્રહના આંદોલન માટે દોરવણી અને માર્ગદર્શન આપવાનું હોય ત્યારે આંદોલન દરમિયાન સત્યાગ્રહ કરનાર તરફથી અથવા તો સત્યાગ્રહમાં સામેલ થયેલ સામાન્ય પ્રજાને પક્ષે કોઈ પણ હિંસા થાય તે ચલાવી શકાય નહીં. સત્યાગ્રહ સાધન છે પણ અહિંસા તો સાધ્ય છે અને અહિંસાનું જ બીજું નામ છે પ્રેમ.

૨. (અ) લોકમાનસને ઘડવામાં સમૂહમાધ્યમોના પ્રભાવ અંગેના તમારા વિચારો ચર્ચાપત્ર રૂપે રજૂ કરો. 10

અથવા

(બ) તમારા શહેરની વર્તમાન સમસ્યાઓ, તેનું નિરાકરણ અને શહેરની ભાવિ વિકાસયોજના અંગેના તમારા વિચારો ચર્ચાપત્ર રૂપે રજૂ કરો. 10

૩. (અ) માર્ગ-અકસ્માતની વધતી જતી ઘટનાઓને અટકાવવા માટે કેવાં પગલાં લેવાવાં જોઈએ તે અંગેની સમિતિમાં થયેલી વિચારણાનો અહેવાલ તૈયાર કરો. 10

અથવા

(બ) તમારી સંસ્થામાં યોજાયેલ 'સ્વચ્છતા અભિયાન' કાર્યક્રમનો અહેવાલ લખો. 10

૪. (અ) ભૂગર્ભજળ પ્રદુષિત થવાને કારણે તમારા ગામમાં સર્જાયેલી પીવાનાં પાણીની સમસ્યા વિશે મિત્રને પત્ર લખો. 10

અથવા

(બ) તમને ગમેલાં પુસ્તકમાં શું રસપ્રદ હતું, તે તમારા મિત્રને પત્ર દ્વારા જણાવો. 10

RIJADEJA.com

૫. નીચેનામાંથી કોઈ પણ એક વિષય ઉપર નિબંધ લખો : 20

(૧) મારા સ્વપ્નનું ભારત

(૨) જીવનઘડતરમાં સાહિત્યનો ફાળો

(૩) જળ બચાવો, જીવન બચાવો

(૪) આપણો નાગરિકધર્મ

૬. નીચેનામાંથી કોઈ પણ બે નો વિચારવિસ્તાર કરો : 10

(૧) વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ શાખ દે,
કનક-કુંડળ વિશે ભેદ ન્હોયે;
ઘાટ ઘડિયા પછી નામ-રૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે.

(૨) કરીએ સંપ કુટુંબમાં, શત્રુથી શું થાય ?
ઝાડ ટકે છે ઝુંડમાં, એકલ ઊડી જાય.

(૩) આજ ઊઠશું, કાલ ઊઠશું, લંબાવો નહીં દહાડા,
વિચાર કરતાં વિઘ્નો મોટાં, આવે વચમાં આડા.

(૪) જે જે પ્રાપ્ત થતો ઉપાધિયોગ,
બની રહો તે જ સમાધિયોગ.

૭. સૂચના અનુસાર કરો :

(ક) સંધિ છૂટી પાડો : 2

(૧) પર્યાવરણ

(૨) પ્રત્યેક

(૩) મહર્ષિ

(૪) તીર્થોત્તમ

(ખ) સમાસનો વિગ્રહ કરી તેને ઓળખાવો : 2

(૧) પીતાંબર

(૨) ઘોડાગાડી

RIJADEJA.com

(ગ) વિરુદ્ધાર્થી શબ્દ આપો : 2

(૧) ત્યાગ

(૨) દુર્લભ

(૩) કૃપણ

(૪) ઉન્નતિ

(ઘ) સમાનાર્થી શબ્દ આપો : 2

(૧) મિહિર

(૨) પક્ષી

(૩) તુષાર

(૪) દામિની

(ચ) સાચી જોડણી લખો : 2

(૧) કારકીર્દી

(૨) અનુકુળ

(૩) વિનીપાત

(૪) વિકીર્ણ

(છ) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો : 2

(૧) એક સાથે સો દિશામાં ધ્યાન રાખનાર

(૨) ધીરધારનો ધંધો કરનાર

(૩) પોતાની જાતને છેતરવી તે

(૪) ઉપકારનો બદલો વાળનાર

(જ) કહેવતોનો અર્થ સ્પષ્ટ કરો : 2

(૧) પાકે ઘડે કાંઠા ન ચડે

(૨) કાળમાં કોદરા ભાવે

(૩) મોસાળે જમણ ને મા પીરસનાર

(૪) આગળ ઉલાળ નહીં, પાછળ ધરાળ નહીં

(ઝ) રૂઢિપ્રયોગોનો અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો : 6

(૧) અગત્સ્યના વાયદા

(૨) જીવ તાળવે ચોંટી જવો

(૩) પાણીમાં લીટા કરવા

[Contd...

૮. નીચેના પરિચ્છેદનો અંગ્રેજીમાં અનુવાદ કરો : 10

સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન ગુજરાત સરકારના જુદી જુદી કક્ષાના અધિકારીઓ અને કર્મચારીઓને જુદા જુદા સ્તરે પૂર્વ-સેવા અને સેવા-અંતર્ગત તાલીમ આપે છે. હવે સંસ્થા દ્વારા આપવામાં આવતી તાલીમની વ્યાપ્તિ અને ગુણવત્તા સુધારવાનું અને આર્થિક વિકાસ-આયોજન તથા અમલની કામગીરીમાં રોકાયેલ કર્મચારીઓની વહીવટી, તકનીકી અને વ્યવસ્થાપકીય ક્ષમતા કેળવવા અને સુધારવા માટેની રાજ્યની મુખ્ય સંસ્થા તરીકે એનો વિકાસ કરવાનું વિચારાયું છે. આ માટે સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવનને સંસ્થાગત યોગ્ય મકાન-સવલત, તાલીમાર્થીઓને વધુ સારી સવલતો, ગ્રંથાલય અને સંશોધનની સવલતો, કોમ્પ્યુટર એકમ, પરિવહનની સવલતો, આધુનિક તાલીમ-સામગ્રી અને શિક્ષણનાં સહાય-સાધનો પૂરાં પાડવામાં આવ્યાં છે.

રેકર્ડ વ્યવસ્થા, કર્મચારીવર્ગ સંબંધી વહીવટ, જાહેર જનતા સાથેનું વર્તન, અવેક્ષણ કામગીરી, અંદાજપત્ર તૈયાર કરવું, પરિયોજનાઓ ઘડવી, જનસંપર્ક અને વ્યવસ્થા, કોમ્પ્યુટરનો ઉપયોગ, કર્મચારીવર્ગ સંબંધમાં કોમ્પ્યુટરનો ઉપયોગ, વિકેન્દ્રિત આયોજન વગેરે જેવા વહીવટ-વિષયક વિકાસ કાર્યક્રમોને તાલીમ કાર્યક્રમોમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. વહીવટ-વિષયક વિકાસ કાર્યક્રમ અન્વયે 68 કરતાં વધુ પ્રકારના તાલીમી કાર્યક્રમ અને અજમાયશી આઈ.એ.એસ. અધિકારીઓ, રાજપત્રિત અધિકારીઓ, મામલતદાર માટેના મૂળભૂત કાર્યક્રમોનું સંચાલન સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન દ્વારા કરવામાં આવે છે.

---

RIJADEJA.com